# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્યના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને 10 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મળશે

2) નબળા વર્ગોને મફત કાનૂની સહાય પૂરી પાડવા માટેની આવક મર્યાદા ત્રણ લાખ રૂપિયા કરવાનો મંત્રીમંડળનો નિર્ણય.

3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં પોર્ટલ અને એપ્લિકેશનનો શુભારંભ કરાવ્યો

4) ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આવતીકાલથી નોંધણી શરૂ થશે

5) સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી રાજ્યની પ્રથમ પેપરલેસ યુનિવર્સિટી બની

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET-PMJAY

હવે રાજ્યના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને 10 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મળશે. આજે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના "ને કેબિનેટની બહાલી આપવામાં આવી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્યના અંદાજીત 6 લાખ 40 હજાર અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને લાભ મળશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ - આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . . .

# CABINET LEGAL AID

રાજ્યના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવા માટેની આવક મર્યાદામાં એક લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ નિર્ણયથી સમાજના બહોળા વર્ગને કાનૂની સેવા મફતમાં પ્રાપ્ત થશે અને જન સમુદાયને પોતાના હકોના રક્ષણ માટે કાનૂની ઉપચારો સરળતાથી પ્રાપ્ત થશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ- પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . . . .

# CABINET STATE WATER

રાજ્યના 64 જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત છે. આજે ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટની બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં 14 હજાર 895 મિલિયન ઘન ફૂટ MCFT પાણીની જરૂરીયાત સામે 2 લાખ 23 હજાર MCFT જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના 207 જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ 6 ટકા વધુ કુલ 4 લાખ 39 હજાર 129 MCFT જેટલુ પાણી સંગ્રહિત છે.

શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, હાલમાં રાજ્યના 15 હજાર 720 ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે , બાકીના 2 હજાર 432 ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# CM HOME DEPARTMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં પોર્ટલ અને એપ્લિકેશનનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , રાજ્ય પોલીસ દળ મલ્ટી ટાસ્કિંગ એક્શન ફોર્સ બનીને વિકસિત સુરક્ષિત ગુજરાતનું લક્ષ્ય પાર પાડશે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે "તેરા તુઝકો અર્પણ" પોર્ટલનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત નાણાંકીય સાયબર ક્રાઇમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં FIR દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા I-PRAGATI પોર્ટલનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ પોર્ટલ શરૂ થતાં સામાન્ય નાગરિકોને પોલીસ મથકે જવામાંથી રાહત આપતી ઓનલાઇન સુવિધાઓ મળતી થશે.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું , ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે જેને સાયબર ક્રાઈમ સંબંધિત લીધેલા નાગરિક કેન્દ્રિત નિર્ણયોથી અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# TEKA NA BHAV

ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આવતીકાલથી નોંધણી શરૂ થશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે મગના ઓછા ભાવથી કોઈપણ ખેડૂતને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરાયો છે.

શ્રી પટેલે ઉમેર્યું કે આગામી 25 મે સુધીમાં રાજ્યના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. આ નોધણી માટે ખેડૂતોએ કોઇ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહી.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2024-25 માટે ઉનાળુ મગ પાક માટે 8 હજાર 682 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરાયો હતો.

. . . . . . . . . . . . .

# SURAT - VNSGU

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય રાજ્યની પ્રથમ પેપરલેસ યુનિવર્સિટી બની છે. અહી 15 લાખથી વધુ વિદ્યાર્થીઓના માહિતી ડિઝી લોકરમાં અપલોડ કરવામાં આવી છે. આ અંગે કુલસચિવ રમેશદાન ગઢવીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓની ફી , હાજરી, માર્કશીટ સહિતની તમામ માહિતી ડેશબોર્ડ પર જોઈ શકાશે.

(બાઈટ : રમેશદાન ગઢવી, VNSGU : કુલસચિવ)

. . . . . . . . . . . . .

# SURAT TIRANGA YATRA

સુરતમાં ભાજપ દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કરાયું. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું કે દેશવાસીઓના રક્ષણ માટે ભારતીય સશસ્ત્ર દળો સરહદે ખડેપગે છે. ભાગળ ચાર રસ્તાથી ચોકના કિલ્લા સુધી યોજાયેલી આ તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓ અને પૂર્વ સૈનિકો જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# AHMEDABAD BANGLADESHI

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATS એ અમદાવાદમાંથી વધુ એક બાંગ્લાદેશી અને એજન્ટને પકડી પાડ્યો છે. આ બંને આરોપીઓ ઘૂસણખોરોને બનાવટી દસ્તાવેજ બનાવી આપતા હતા.આરોપીની દુકાનમાંથી 13 જેટલા બાંગ્લાદેશીના નકલી દસ્તાવેજ મળી આવ્યા છે.

ગુજરાત ATS એ રાણા સરકાર અને શોએબ મોહમ્મદની ધરપકડ કરી હોવાનું ATSના પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થે જણાવ્યું હતું.

(બાઇટ: કે.સિદ્ધાર્થ – SP, ATS)

. . . . . . . . . . . . .

# AMRELI ACCIDENT

અમરેલી-ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર એસટી બસ , કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોત થયા. જ્યારે એક વ્યક્તિ ને ઇજા પહોંચી.

અમારા અમરેલી જિલ્લાના પ્રતિનીધી જણાવે છે કે ત્રણેય વ્યક્તિઓ કારમાં દીવ તરફથી આવી રહ્યા હતા. તે દરમિયાન કાર ઊછળીને એસટી બસ સાથે ટકરાતાં કાર સવાર ત્રણેયનાં મોત થયાં.

આ ઘટનાના પગલે પોલીસ અને એસટી ડેપોના અધિકારીઓ એ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

. . . . . . . . . . . . .

# CIVIL DEFENCE TRAINING - JAMNGAR

જામનગર જીલ્લા પંચાયત ખાતે ૧૦૨ જેટલા ગામડાઓના સરપંચ અને તલાટીમંત્રીઓ માટે સિવિલ ડીફેન્સ અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં નાગરિક સંરક્ષણની કચેરી તથા ફાયર વિભાગ દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિના સમયે રાખવાની થતી સાવચેતી અંગે વિસ્તુત સમજુતી આપી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ નાગરિકોને આપાતકાલીન પરિસ્થિતિમાં સ્વબચાવની પદ્ધતિઓથી કઈ રીતે વાકેફ કરવા તે હતો.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમીમાં વધારો થશે . હવામાન વિભાગનાં જણાવ્યાં અનુસાર રાજ્યનાં મહત્તમ તાપમાનમાં 2-4 ડિગ્રીનો વધારો થશે. આ ઉપરાંત રાજ્યના ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદી માહોલ રહેશે.

આવતીકાલે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદી માહોલ જોવા મળશે.

જ્યારે ઉત્તર ગુજરાતના અરવલ્લી , પંચમહાલ, દાહોદ, મહિસાગર અને સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# VALSAD PRE MONSOON

વલસાડ નગરપાલિકાએ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા નિવારવા માટે 49 લાખ રૂપિયાથી વધુના ખર્ચે પ્રિમોન્સૂન કામગીરી શરૂ કરી છે. શહેરમાં આવેલી કુદરતી કાંસ , વરસાદી પાણીની લાઇન અને ડ્રેનેજ લાઇનની સફાઈ કરવામાં આવી રહી છે. છીપવાડ રેલવે અંડરપાસમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાના નિવારણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આનાથી ખેરગામ રોડના 44 ગામોના રહેવાસીઓ અને વિદ્યાર્થીઓને રાહત મળશે.

. . . . . . . . . . . . .